ગાંધીનગર સમાચાર
તા. ૭-૧૨-૨૦૧૩, શનિવાર

તંત્રી સ્થાનેથી.....

સાંપ્રદાયિક હિંસા વિરોધી બિલ: કોંગ્રેસ સામે ચાલીને ભાજપને હથિયાર આપી રહી છે

લોકસભામાં સાંપ્રદાયિક હિંસા વિરોધી બિલ લાવવા માટેની શાસક યુપીએની ચેષ્ટામાં ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર નરેન્દ્ર મોદીને વોટ બેંકના રાજકારણની ગંધ આવે છે. તેથી બીજું કોઈ પોતાની પ્રતિક્રિયા રજૂ કરે તે પહેલાં મોદીએ કડક ભાષામાં પત્ર લખી વડાપ્રધાન મનમોહનસિંહને આ મુદ્દે ફેરવિચાર કરવા આગ્રહ રાખ્યો છે. મોદી આ પ્રકારના બિલનો શરૂથી જ વિરોધ કરતા રહ્યા છે. પાર્ટી દ્વારા એમને વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરાયા પછી દેખીતી રીતે એમનો આ વિરોધ વિશેષ મહત્ત્વનો બની રહે છે. ભારતના સંઘીય ઢાંચાને પણ આ બિલ અનુકૂળ નથી એવી એમની દલીલમાં વગર પૂછ્યે જુદાં જુદાં રાજ્યોના મુખ્યમંત્રીઓએ સૂર પુરાવ્યો છે. આવું બિલ આવતાં કેંદ્રનો રાજ્યોના હસ્તકના વિષયોમાં હસ્તક્ષેપ વધી જશે અને રાજ્યોની સત્તા પર કાપ આવશે એવી દહેશત વાજબી હોય તો પણ કેન્દ્ર સાંપ્રદાયિક હિંસા જેવા સંવેદનશીલ મુદ્દા પરત્વે આંખ આડા કાન ન જ કરી શકે. ૨૦૦૨નાં ગુજરાતનાં કોમી રમખાણો વખતે આ પ્રકારનો કાયદો અમલમાં હોત તો રાજ્ય સરકારે જે મનમાની ચલાવી તે શક્ય ન જ બની શક્યું હોત. ભારતીય જનતા પાર્ટી માટે તો બહુમતી વર્ગના મતોનું ધ્રુવીકરણ જરૂરી છે તેથી આ લઘુમતી પ્રજાને સંરક્ષણ આપતા સૂચિત બિલનો એ વિરોધ ન કરે તો જ નવાઈ. આવું બિલ અમલી બનતાં રાજ્ય સરકાર અને બહુમતી વર્ગ પર સીધો અંકુશ આવશે તે નક્કી છે. લઘુમતી સમાજમાં પ્રવર્તતી અસલામતીની લાગણી દૂર કરવા અને જરૂર પડ્યે કેન્દ્ર સરકાર એની પડખે અડીખમ ટીવાલ કે ઢાલ થઈને ઊભી રહેશે એની પ્રતીતિ કરાવવા મનમોહન સરકાર આ બિલ લાવવા કૃતસંકલ્પ છે. જો કે બિલ રજૂ કરતાં અગાઉ સર્વસંમતિ સધાઈ હોત તો વધુ સારું થાત. બિલના 'ટાઈમિંગ'ના મુદ્દે પણ ભારતીય જનતા પાર્ટીએ શંકા વ્યકત કરી છે. આ બિલ બરાબર આગામી લોકસભાની ચૂંટણીનાં પડઘમ વાગી રહ્યાં છે તેવા સમયે આવી રહ્યું છે તેથી એમાં સ્પષ્ટ રીતે લઘુમતી મત બેંક કબજે કરવાનો કોંગ્રેસનો ઈરાદો હોવાની શંકા રજૂ કરીને મોદી આણિ કંપની બહુમતી સમાજના મનમાં દહેશત ઊભી કરવાનો પ્રયાસ કરી રહી છે. લઘુમતીને રક્ષણ અને બહુમતીને કંઈ જ નહીં એની લાગણી ઘવાતી હોય તો લઘુમતી સામે પગલાં ભરવાની કોઈ જોગવાઈ નહીં - જેવી દલીલો રજૂ કરી ભાજપ આ બિલનો ભરપૂર વિરોધ કરશે એ મુદ્દે શેરીઓમાં ઊતરશે અને દેશમાં ફરી એકવાર હિંદુત્વનું મોજું ઊભું કરવાની કોશિશ કરશે એવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. કોંગ્રેસના નેતાઓ આ બિલ લાવી લઘુમતીને ખુશ કરવા માગે છે પરંતુ એ જ મુદ્દો બહુમતીના વિરોધ સ્વરૂપે બૂમરેંગ થશે એવી પૂરી શકયતા છે. બિલ લાવી કેન્દ્ર સરકાર પ્રજા પ્રજા વચ્ચે ભેદભાવ ઊભો કરવા માગે છે. એવો પ્રચાર મોદીએ પહેલા જ દિવસથી શરૂ કરી દીધો છે. હકીકતમાં તો ભાજપને આ પ્રકારનું વિભાજન જ હરહંમેશ ખપ લાગતું રહ્યું છે. બિલ લાવવા પાછળ કોંગ્રેસની દાનત સાફ હોઈ શકે છે પરંતુ ભાજપ પાસે અને વિશેષ તો એના નવા સૂત્રધાર પાસે એનો પોતાની તરફેણમાં ભરપૂર ઉપયોગ કરવાની આવડત છે, જે આગામી ચૂંટણીમાં કોંગ્રેસથી બહુમતી સમાજને વિમુખ કરી શકે એમ છે.

કોલેજીયન યુવાનના હત્યા કેસમાં પોલીસે પાંચ ટીમો બનાવી તપાસનો ધમધમાટ શરૂ કર્યો

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર જિલ્લાના રણાસણ નજીક રીંગ રોડ ઉપર આવેલ ટોલનાકા અને રેલવે ફાટકની વચ્ચે વાડમાંથી શુભમ ઉર્ફે ગુડુ વિનયપ્રસાદ યમુનાપ્રસાદ કુમી (ઉ.વ.૧૯, રહે. નાના ચિલોડા, મૂળ બિહાર)ની અસંખ્ય છરીના ઘા ઝીંકી ક્રૂરતા પૂર્વક હત્યા કરાયેલ હાલતમાં મૃતદેહ મળી આવતા ભારે ચકચાર મચી જવા પામી હતી. જે અંગે ડભોડા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. પરંતુ આ હત્યા પાછળની કોઈ કડી પોલીસને ન મળતા જિલ્લા પોલીસની અલગ અલગ પાંચ ટીમો બનાવી અનેક સ્થળોએ સઘન પુછપરછ અને તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી વિગતો મુજબ નરોડા નજીક નાના ચિલોડા વિસ્તારના ગરીબનગરમાં રહેતો અને મૂળ બિહારનો વતની શુભમ ઉર્ફે ગુડુ વિનયપ્રસાદ યમુનાપ્રસાદ કુમીની કેટલાક હત્યારાઓ દ્વારા રણાસણ ગામની સીમમાં છરીના અસંખ્ય ઘા ઝીંકી કરપીણ હત્યા કરી નાંખવામાં આવી હતી. જે બાદ ડભોડા પોલીસે હત્યા અંગે ગુનો નોંધી હત્યારાઓની તપાસ હાથ ધરી હતી પરંતુ હત્યારાઓની કોઈ કડી મળી ન હતી આથી પોલીસે હત્યારાઓને ઝડપી પાડવા ડભોડા પોલીસ, એલ.સી.બી. પોલીસ, સી.પી.આઈ., આર.આર. સેલ અને ડીવાયએસપીની મળી કુલ ૫ ટીમોની રચના કરી છે. જુદી જુદી પાંચેય ટીમોએ હત્યારાઓની ભાળ મેળવવા અને હત્યા પાછળનું સાચું કારણ શોધવા આજે મૃતક યુવકની કોલેજમાં જઈ તપાસ હાથ ધરી હતી. આ ઉપરાંત પોલીસની ટીમો હત્યાનો ભેદ ઉકેલવા એફ.એસ.એલ. અને ફિંગરપ્રિન્ટ એકસપર્ટ વગેરેની પણ મદદ લઈ રહી છે.

આ હત્યા પ્રકરણમાં યુવાનની હત્યા પાછળ અંગત અદાવત કે પછી પ્રેમ પ્રકરણ હોવાની પોલીસને પ્રબળ શંકા છે. પોલીસે વિવિધ ટીમો કાર્યરત કરી આરોપીને જલદીમાં જલદી ઝડપી પાડવાની દિશામાં તપાસનો ધમધમાટ શરુ કર્યો છે.

કડી સર્વ વિશ્વ વિદ્યાલય બી.એડ. કોલેજનાં વિદ્યાર્થીઓ માટે 'લેખન' સંબંધિત એક સેમિનાર ગઈકાલે યોજાઈ ગયો. જેમાં માહિતી ખાતાના અધિકારીઓ અને કડી વિશ્વ વિદ્યાલયનાં હોદેદારો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતાં. (તસવીર : કશ્યપ નિમાવત)

હરિની દૃષ્ટિ...

હાશ દીકરા, મારી ચિંતા ટળી, હવે તું છેડતી, બળાત્કાર, ઉત્પીડનમાં નહીં ફસાય, પણ હવે, ઘરેલું હિંસા, દહેજ વિગેરેમાં ફસાય નહીં તે માટે ધ્યાન રાખજે... !! સુખી રહે...!!

ખેલ મહાકુંભમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળા ઝળકી

ગાંધીનગર, તા.૬

ખેલમહાકુંભ-૧૩ કુસ્તી સ્પર્ધા સાઈ સ્પોર્ટસ ખાતે યોજાઈ હતી. જેમાં મહર્ષિ અત્રિ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ વિજયી દેખાવ કરતા પ્રથમ ત્રણ સ્થાને રહ્યા હતા.

સાઈ ખાતે યોજાયેલ કુસ્તી સ્પર્ધામાં શાળાના વિદ્યાર્થી જય પટેલ, ધવલ સુતરીયા પ્રથમ નંબરે જયારે ગોવિંદ સુથાર, મહાદેવ બારૈયા અને ચંન્દ્રપાલ લોઢારીએ તૃતીય સ્થાન મેળવ્યું હતું.

તેમજ ઓમલેન્ડ માર્ક ચિલોડા ખાતે યોજાયેલ જિલ્લા કક્ષાની ચેસ સ્પર્ધામાં અબોવ ૬૦ વર્ષ વિભાગમાં શાળાના ટ્રસ્ટી હર્ષદભાઈ પટેલે પ્રથમ નંબર પ્રાપ્ત કર્યું હતું. તેઓ રાજ્ય કક્ષાએ પસંદગી પામ્યા છે. કુસ્તી અને ચેસ સ્પર્ધામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા બદલ શાળાના ટ્રસ્ટી ભરતભાઈ ઠુમર, ભરતસિંહ રાઠોડ તેમજ શાળા પરિવારે અભિનંદન પાઠવ્યા છે.

ટ્રેનર ભાર્ગવ ત્રિવેદી દ્વારા બાળકોની યાદશક્તિ વધારતા અદ્‌ભૂત સેમિનારનું આયોજન

ગાંધીનગર, તા. ૬

ગાંધીનગરની શિવશક્તિ ફાઉન્ડેશન સંસ્થા દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં પરિવર્તન લાવવાના હેતુથી તા. ૧૮મી અને ૧૯મી ડિસેમ્બરે સેક્ટર-૧૨ ખાતે આવેલા ડૉ. બાબાસાહેબ આંબેડકર ભવન ખાતે યાદશક્તિ વધારવાના અદ્‌ભૂત ફ્રિ સેમિનારનું આયોજન કરાયું છે. આજના યુગમાં ભણતરનો વ્યાપ વધી રહ્યો છે. જેથી બાળકો પર સતત ભાર વર્તાવાથી તેમની યાદશક્તિ નબળી પડવાની ફરીયાદો સતત વાલીઓ દ્વારા થતી રહે છે. આ સેમિનારમાં ટ્રેનર ભાર્ગવ ત્રિવેદી લાંબા પ્રશ્નોને યાદ રાખવાની ટેકનિક, આખેઆખુ પુસ્તક, સૂત્રો, ચાવીઓ, બનાવો-સાલો, આંકડાકીય કિંમતો વગેરે જેવી અનેક બાબતો કેવી રીતે સહજતાથી યાદ રાખવી તે અંગેની પદ્ધતિઓ શિખવાડનાર છે. આ સેમિનારમાં વિદ્યાર્થીઓ ઉપરાંત, શિક્ષકો, બીઝનેસમેનો વગેરેનો પણ ઉપયોગી હોઈ ભાગ લઈ શકે છે. આ સેમીનારમાં બે દિવસમાંથી કોઈ પણ એક દિવસે ભાગ લેવાનો રહેશે. તેમજ આ સેમિનારનો સમય સાંજના ૭.૩૦ વાગ્યાથી ૯.૩૦ વાગ્યાનો રાખવામાં આવેલ છે.

ઓલ ગુજરાત કબડ્ડી એસોસિએશન દ્વારા સિનિયર ભાઈઓની કબડ્ડી ટૂર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગાંધીનગર જિલ્લા કબડ્ડી એસોસિએશનની ટીમ પ્રથમ નંબર, શહેરની ટીમ દ્વિતીય નંબરે વિજેતા થઈ હતી. આ પ્રસંગે પ્રમુખ રાજેન્દ્રસિંહ કાઠીયા, ઉપપ્રમુખ વાસુ ત્રિવેદી, કે.કે. બ્રહ્મભટ્ટ, સેક્રેટરી મુળચંદ સોલંકી, કોચ જયવીરસિંહ નિમીષ મેઘાએ અભિનંદન પાઠવ્યા હતા.

પેપરમાં છબરડાઓને ઢાંકવા વારંવાર સમિતી રચવા નાટક

અમદાવાદ, તા.૦૬

ગુજરાત યુનિવર્સિટી જાણે પોતાની પાછળની ભુલોમાંથી કંઈ શીખવા માંગતી ન હોય તેમ પરીક્ષામાં છબરડાની હારમાળા રચી રહી છે. બીકોમ સેમેસ્ટર-પના આંકડાશાસ્ત્રના પેપરમાં કોર્ષ બહારના પૂછાયેલ પ્રશ્નોનો મામલો હજ્જી શાંત પણ થયો નથી ત્યારે હવે બીએસસી સેમેસ્ટર-પના સ્ટેસ્ટીકના પેપરમાં ૨૮ માર્કના પ્રશ્નો કોર્ષ બહારના પૂછાતાં નવો વિવાદ સર્જાયો છે અને દરવખતની જેમ યુનિવર્સિટી આ વખતે પણ સમિતી રચવાની જાહેરાત કરીને ભુલોને ઢાંકવાના પ્રયાસો કરી રહી છે.

ગુજરાત યુનિવર્સિટીની પરીક્ષાઓ છબરડા અને ગેરવ્યવસ્થાનું બીજું નામ બની ચુકી છે. યુનિવર્સિટી દ્વારા અત્યારે સેમેસ્ટર પરીક્ષાઓ લેવાઈ રહી છે. ત્યારે આ પરીક્ષાઓમાં પણ એક પછી એક છબરડાઓની હારમાળા રચાઈ રહી છે.તાજેતરમાં જ બીકોમ સેમેસ્ટર પાંચની પરીક્ષામાં આંકડાશાસ્ત્રના પેપરમાં ૨૬ માર્કના પ્રશ્નો કોર્ષ બહારના પૂછાતા વિવાદ સર્જાયો હતો. ત્યારે યુનિવર્સિટીએ તપાસ સમિતી રચીને વિવાદને શાંત કરવાનો પ્રયાસ કર્યો હતો. ત્યારે ફરી એકવાર બીએસઈ સેમેસ્ટર પાંચની પરીક્ષામાં ૨૮ માર્કના પ્રશ્નો કોર્ષ બહારના પૂછવામાં આવતા ચકચાર મચી ગઈ છે.એટલું જ નહીં ગુજરાતની સૌથી મોટી યુનિવર્સિટી હોવા છતાં વિદ્યાર્થીઓને અપાયેલ આપેર હેન્ડ રાઈટીંગ કોપીમાં અપાયું હતું. જે અંગે વિદ્યાર્થીઓ દ્વારા યુનિવર્સિટીના રજીસ્ટ્રારને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

ફૂટબોલ-યોગાસન સ્પર્ધામાં જે.એમ. ચૌધરી શાળાની વિદ્યાર્થિનીઓ પ્રથમ સ્થાને રહી

ગાંધીનગર, તા. ૬

જે.એમ. ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલયનું ખેલ મહાકુંભમાં ફૂટબોલ અને યોગાસન સ્પર્ધામાં વિજયી પ્રદર્શન કર્યું છે. ખેલમહાકુંભમાં ચૌધરી વિદ્યાલયની ૨૫ બહેનોએ યોગાસન સ્પર્ધામાં ભાગ લીધો હતો. જેમાં આશા ચૌધરી, પ્રથમ, મિત્તલ ચૌધરી, મમતા ચૌધરી દ્વિતીય તેમજ વિધિ ચૌધરી અનેપિન્કી ચૌધરી તૃતીય સ્થાને રહી હતી. જયારે અન્ય એક ફૂટબોલ સ્પર્ધામાં કન્યા વિદ્યાલયની અનુ ચૌધરી, રમીલા ચૌધરી, દિવ્યા ચૌધરી અને બિજલ ચૌધરી પ્રથમ સ્થાને રહી હતી. આ તમામ વિદ્યાર્થિનીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા છે અને તમામ સ્પર્ધકો રાજ્યકક્ષાએ ભાગ લેશે.

આદરજ મોટી શાળામાં ગરમ સ્વેટરનું વિતરણ કરાયું

આદરજ મોટી પ્રાથમિક કુમાર શાળામાં ફરજ બજાવતા લતાબેન પટેલ વાલમ પરિવાર દ્વારા શાળામાં અભ્યાસ કરતા ધો-૧ થી ૮ ના ૩૪૬ વિદ્યાર્થીઓને મફત ઠંડીથી રક્ષણ આપતા સ્વેટરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગામના સરપંચ, ઉપસરપંચ, સદસ્યો, તાલુકા સદસ્ય સહિત અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

'ચા'ને ભારતનું 'રાષ્ટ્રીય પીણું' જાહેર કરવાની ઘણા બધાની માંગ છે તેને અમારો પણ ટેકો છે

● *'ચા લો હવે'*

'કહું છું સાંભળો છો ? અત્યારે માર્કેટમાં બહુ તેજી ચાલે છે, તો તમે પણ ગેપટીમાં ઈન્વેસ્ટ કરોને...' જોરૂભાના પત્નીજી રસોડામાંથી ટહુકયા..

'અરે તું પહેલાં ગેપર-ટી (ચા) તો બનાવતા શીખ, પછી મને ગેપટીની સલાહો આપજે..' જોરૂભાએ અકળાઈને જવાબ આપ્યો. સવાર સવારમાં દૂધ-પાણીના ઠેકાણા વગરના કોમ્બિનેશનવાળી ચા પીતાની સાથે જ પત્નીએ સ્વાદ વગરની વણમાંગી સલાહ પીરસી દેતા જોરૂભાનું મોઢું બગડી ગયું.

પેલી કહેવત છે ને કે જેની ચા બગડી એની સવાર બગડી, જેની દાળ બગડી એનો દિવસ બગડ્યો, અને જેની સાસુ બગડી એની જિંદગી બગડી, દાળ બગડે તો રસાવાળા શાકથી પણ ચલાવી લેવાય પણ ચા અને સાસુ બગડે તો એનો હજુ સુધી કોઈ તોડ મળ્યો હોય તેવું અમારી જાણમાં આવ્યું નથી. વેકેશનમાં ક્યારેક સાસરીયે મહેમાનગતિ પામવા ગયેલા હોય ને ત્યાં સાસુમાના હાથની ચા પણ જો? જ નીકળે ત્યારે જમાઈરાજાની હાલત તો ધરતી મારગ આપે તો સમાઈ જાઉં' વાળી જ થઈ જાય ને? કારણકે એક તો હાથમાં પકડેલી ચા પી ના શકે છતાં તે ચાને વખાણવી તો પડે. તે દિવસે તો જમાઈરાજાને એમ જ થાય કે જયારે હું અહી છોકરી જોવા આવ્યો હતો તે દિવસે જ હું ચા પીતો જ નથી તેવું કહી દીધું હોત તો કેટલું સારું થાત.

અમારી દ્રષ્ટીએ ચા એ કોઈ પણ સંબંધ, વાત કે સોદાની -સ્તાવના છે, ઈન્ટ્રોડકશન છે. ચા બે વ્યકિત કે જૂથો વચ્ચે તાદાત્મ બાંધવાનું કામ કરે છે, હું તો ચા પીતો જ નથી' કહેનારા ઘણા ફેશનેબલ લોકોને અમે ઘણીવાર બધાની સામે ભોઠા પડતા અમારી સગી આંખે જોયા છે. બીજા બધા જયારે મસ્તીથી ચાની ચુસ્કીઓ મારતા હોય ત્યારે આ લોકો કોફી કે કોલ્ડ્રીન્કસના મગ હાથમાં પકડીને મનમાં ને મનમાં લઘુતાગ્રંથી અનુભવતા હોય છે. ચા નહી પીવાની બધા રાખવી એતો રીતસરનું આત્મહત્યા જ કરવા જેવું છે. -ખ્યાત હાસ્ય કલાકાર સાંઈરામ દવે તેમના ડાયરો અડધે પંહોચે એટલે તરત જ કોણ ચા બોલ્યું? આ ચાનું નામ કોને લીધું? જેવા સવાલો માઈકમાં મોટા અવાજે પોતાના સહકલાકારોને પૂછીને કાર્યક્રમના આયોજકોને આડકતરી રીતે ચાની વ્યવસ્થા કરવાનો ઈશારો કરી દેતા સહેજે ખચકાતા નથી. અરે એમણે તો ચાની માંગણી કરવા?? જય ચા માતા.. ના શબ્દોવાળી ચાની આરતી સુધ્ધાં રચી કાઢી છે બોલો.. જોકે આ ક્ષેત્રે લિવિંગ લિજેન્ડ શાહબુદ્દીન રાઠોડે તો ચાના આપુડી, બાપુડી અને જગુડી જેવા ત્રણ -કારો પણ શોધી કાઢ્યા છે અને પછી આ -કારો વિગતવાર વર્ણવીને શ્રોતાઓને ખડખડાટ હસાવી દેવા તેઓ મજબૂર કરી નાખે છે.

સવારના અખબાર અને ચા વગર કોઈનો દિવસ ઉગતો નથી. ચા આજે ભારતનું સૌથી લોકચ્ચિ પીણું બની ગયું. આપણા દેશના કુલ ચાના ઉત્પાદનની ૭૦ ટકા ચા તો ભારતમાં જ વપરાઈ જાય છે. ભારતમાં કોઈ એક શહેર પણ એવું નથી કે જયાં ચા પીવાની લારીઓ અથવા રેંકડીઓ ના હોય. આથી ચાને ભારતનું 'રાષ્ટ્રીય પીણું' જાહેર કરવાની ઘણા બધાની માંગ છે તેને અમારો પણ ટેકો છે. શાયદ મેરી શાદીકા ખયાલ દિલમેં આયા હે, ઈસીલિયે મમ્મીને મેરી તુમ્હે ચાય પે બુલાયા હે... કહીને પેલી ટીનાડીએ કાકાને બરાબરના લપેટ્યા હતા. આમ પણ છોકરી જોવા જવાના રિવાજમાં ચાની ભૂમિકા ખુબજ મહત્વની છે. કોડભરી કન્યા ચાના કપ ભરેલી ટ્રે હાથમાં લઈને શરમાતી શરમાતી એન્ટ્રી મારે ત્યારથી લઈને તેની ચાલવાની કળા અને કપમાં ચા કાઢવાની આવડતના આધારે તેના ક્ષણોનો તાગ મેળવવાની કોશિશ કરાય છે અને ચા પીવાઈ જય ત્યાં સુધીમાં તો બે જણના જીવનનો મહત્વનો નિર્ણય લેવાઈ જાય છે. રીયલી અ લોટ કેન હેપન્સ ઓવર ધ કપ ઓફ ટી..! અરે સંબધો તો ઠીક પણ આ અડધી કપ ચાના સથવારે તો કરોડોના સોદાઓ થઈ જાય છે, લાખ્ખો રૂપિયાના સટ્ટા રમાઈ જાય છે અને હજજારો રૂપિયા ખવડાવવા છતાં અટકેલા કામો એક અડધી ચા પીવડાવવાથી ઉકેલાઈ જાય છે. માણેકચોકના સોનીઓ કે રતનપોળના વેપારીઓ ચા પીવડાવીને મોંઘાદાટ ઘરેણા કે સાડીઓ પધરાવી દેવામાં વર્ષોથી માહેર છે.

ટેલિ રીઝન
- સમીર રાવી

ચા બાબતે સરેરાશ દરેક ગુજરાતી પઝેસીવ હોય છે. તેને ૪૫ ડીગ્રીમાં પણ ચા પીવાથી ઠંડક મળે છે અને જો કોઈ ઓળખીતાની ઓફિસે કે ઘરે મળવા ગયો હોય અને ચા-નો ભાવ ના પૂછવામાં આવે તો તે વ્યકિત માટે તેના તો માં પણ ઓટ આવી જાય છે. કટિંગ ચાના શોધક અને જેની નસેનસમાં લોહીને બદલે ચા જ વહે છે તેવા અમદાવાદીઓને તો પાછી પોતાની ફેવરીટ ચાની કીટલીઓ પણ હોય છે અને આ ચા'હકો ક્યારેક તેમની પત્ની પર શંકા કરી નાખે પણ પોતાની પસંદગીની ચાની કીટલી પર મળતી તામ્રવરણી ચા ને તો ઉની આંચ પણ આવવા દેતા નથી. કેટલાકતો મિત્રોના જ ઘરે ચા પીવા ટેવાયેલા હોય છે, જોકે આવા મહાશયોને કેટલીક મિત્ર પત્નીઓ ઝટથી ઓળખીને ઝટપટ ચા બનાવી રસોડામાં બોલાવી કાનમાં ફૂંક મારી દે છે કે લો જલ્દીથી આને ચા નાખી આવો ત્યારે જ એ અહીથી ટળશે સમજયા? અને ભૂલેચૂકે પણ જો આ મિત્રો તમારા ઘરે ક્રિકેટ મેચ જોવા પધાર્યા હોય તો તો પત્ની જ ગયું, વિરાટની સદી થાય કે ના થાય પણ તમારા ઘરમાં ચા-નાસ્તાની સદી જરૂર થઈ જાય. આ કેટેગરીના એક મહાશય પોતાની પત્ની સાથે એક મિત્રના ઘરે ચાય પર' જઈને લાંબી વાતોએ ચડી ગયા એટલે તેમની પત્નીએ તેમને કોણી મારીને સામે ટેબલ પર પડેલી ચા પીને ઝડપથી ચાલતી પકડવા તરફ ઈશારો કરતાડબલ મિનીગમાં કહેવું પડેલું કે, 'ચા લો હવે.'

શિયાળાની મોર્નીંગે પર પડેલા ચાના કાપને ધ્રુજાવીને જ થતી હતી. અને ફેવરીટ શોલેમાં બસંતીને પામવા ટાંકી ઉપર ચઢેલો ધર્મેન્દ્ર ગમે તેટલા ઈમોશનલ ધમપછાડા કરે છે તોય અમિતાભ પોતાની પૂરી તન્મયતાથી રકાબીમાં કાઢેલી ચાના સબડકા બોલાવે રાખે છે. અરે બચ્ચન બાબુ'ના આ અનોખી રીતે ચા પીવાના અંદાજે જ તો તેમને બોલીવુડના સરકાર' બનાવી દીધા છે ને?

જોકે આજકાલ સરકાર બનાવવા પણ ચા એક જરૂરી લાયકાત બની ગયી છે. આપણા માનનીય નરેન્દ્ર મોદી સાહેબે હું નાનપણમાં રેલ્વે સ્ટેશને ચા વેચતો હતો' એવું જાહેરમાં કહીને ૨૦૧૪માં બહાર પડનારી પીએમપદની વેકેન્સી માટે અત્યારથી જ પોતાના બાયોડેટામાં વધુ એક એક્સપીરીયન્સ નોંધાવી દીધો છે. આમ મોદી'સાહેબે ચાને આટલું બધું(!) મહત્વ આપી તેમના -ત્યેનો અમારો અહોભાવ અનેક ઘણો વધારી દીધો છે. બીજી તરફ ચા વિષે પત્તી'ભર જેટલી પણ સમજ ના ધરાવતા એક સમાજવાદીએ આ ચા વેચવા વાળો આ દેશનો વડા-ધાન ના બની શકે' એમ કહીને ચા'નું ઘોર અપમાન કરવાનું પાપ કર્યું છે. મૂંગા વડા-ધાનના પણ બે મોઢે વખાણ કરનારા એક ડબલ બોલકા મહાશયે તેમની સહજ કપિ'વૃત્તીથી ચા વેચનારાને દેશ ચલાવવાની શું ગતાગમ પડે? જેવી વાહિયાત શંકાઓ કરી સાહેબ એક લાયકાત ઓછી કરાવવાની પેરવી કરી તો નાખી પણ નમો જેનું નામ. તેમણે પણ સામે દેશ વેચવા કરતા તો ચા વેચવી સારૂં તેવું સંભળાવીને તેમનો અનુભવ હજુ પણ કેટલો ગરમાગરમ અને તાજો છે તે પણ તેમને બતાવી દીધું. જોકે ચા વેચવાની લાયકાતને કાયદેસરતા અપાવવા દેશભરના કીટલીવાળાઓએ તો નમો'ની તરફેણમાં સત્યાગ્રહ કરવાનું લગભગ નક્કી જ કરી નાખ્યું હતું પણ આમ કરવાથી જેના વગર તેમની ચા અધુરી રહી જાય છે તે ખાંડના ભાવનો કંટ્રોલ જેની પાસે છે તે પાવર પાછો ફરી ખાંડ કડવી કરી નાખશે તેવું લાગતા માંડી વાળ્યું હતું.

એક ચા -મી કવિ સાક્ષર તો મરીઝની મહામુલી ગઝલ હું ક્યાં કહું છું આપની હા હોવી જોઈએ' ને ચા'ભકિતમાં રીમીક્સ કરતા કહે છે કે હું ક્યાં કહું છું આપની બા હોવી જોઈએ, પણ મળવા તમને આવું તો ચા હોવી જોઈએ. આ ગીમીક્સમાં તેમણે ચાને અમૃત સમાન ગણાવી હવે પંચામૃતમાં પણ ચા ઉમેરવાની -થા ચાલુ કરવા પર ભાર મુકતા તેમણે તો ચા પી'વા માટે સ્પેશીયલ રાજા હોવી જોઈએ એવી ફરમાઈશ પણ રમતી મૂકી દીધી છે. અને મધમીઠું લખતા ડૉ.નલીની ગણાત્રાનું માનવું છે કે અડધી ચામાં કેટલાંક આખી જિંદગી કાઢી નાખતાં હોય છે તો કેટલાક શાણા લોકો અડધી ચામાં પૂરાં કામ કઢાવી લેતા હોય છે, અને અતિ શાણા લોકો અડધી ચા પર આખા લેખ પણ લખી નાખતાં હોય છે. બોલો વાતમાં દમ છે ને ? તો પછી રાહ કોની જુઓ છો? મંગાવો બે કટિંગ..

સવારના અખબાર અને ચા વગર કોઇનો દિવસ ઉગતો નથી, ચા આજે ભારતનું સૌથી લોકપ્રિય પીણું બની ગયું છે